# શામ-એ-સરહદ, હોડકા

સામૂહિક સમાજવ્યવસ્થા આધારિત પ્રારંભિક પ્રવાસન યોજના



સીમા ભટ્ટ

ફેબ્રુઆરી ૨૦૧૫

Citation: Bhatt, S. 2015. Shaam-e-Sarhad, A Community-based Tourism Initiative, Hodka. Kalpavriksh, Pune, India

Author: Seema Bhatt

Published by:

Kalpavriksh

5, Shree Dutta Krupa, 908, Deccan Gymkhana, Pune 411004

www.kalpavriksh.org

Date of First Publication: February, 2015

Cover Photo: Seema Bhatt

No Copyright: No copyright is claimed on this work. You are free to copy, translate and distribute, without modification of the content. The only request is to acknowledge the original source and to share with us a copy of your reprint or translation.

This case study is an outcome of the *Vikalp Sangam: Documentation and Confluence of Alternatives in India* project initiated by Kalpavriksh and funded by Oxfam, India. It is part of a larger process towards exploring alternative frameworks and practices in India, that demonstrate ecological sustainability, social well-being and justice, direct democracy and economic democracy. To know more, see www.vikalpsangam.org . To join a list-serve for discussions on the subject, contact anurivelihoods@gmail.com .

Translated by: Rupa Majmudar

Design by: Tanya Majmudar

Photos: All pictures by Seema Bhatt unless otherwise mentioned.

# અનુક્રમણિકા


૧ | પ્રાસ્તાવિક

૨ | યુ.એન.ડી.પી.ની સ્થાનિક પ્રવાસન યોજના ( ઈ. ટી. પી.)

૩ | કચ્છનો બન્ની વિસ્તાર

૪ | બન્ની : બદલાતી જિંદગી, જીવનશૈલી અને ધરતી

૫ | હોડકા

૬ | હોડકામાં શામ-એ-સરહદનો ઉદ્‌ગમ

૭ | આજનું શામ-એ-સરહદ

૮ | હોડકાની પ્રાથમિકતાની અસર : બહોળા ફલક પર

૯ | પડકાર

૧૦ | સફળતાની મુખ્ય ચાવી : કેન્દ્રબિંદુએ રહેલાં મૂલ્યો

૧૧ | શામ-એ-સરહદ: પ્રચલિત પ્રવાસન માળખાને પડકાર

મદદરૂપ થયેલું સાહિત્ય

## આભારદર્શન

પ્રદેશના માર્ગદર્શક તથા અતિ મદદરૂપ માહિતીદર્શક સલામભાઈની તેમ જ આ યોજનાના સમગ્ર ઇતિહાસથી મને વાકેફ કરવા બદલ સુષમા આયંગરની હું ખાસ આભારી છું. શામ-એ-સરહદ પરની બધી વ્યક્તિઓનો તથા ઉષ્માભર્યું આતિથ્ય તેમ જ અગણિત ચાના કપ માટે હોડકાના લોકોનો આભાર માનું છું. આ મૂલ્યાંકનને યોગ્ય મહત્વ આપવા બદલ મમતા પંડ્યાની તેમ જ કેટલીક વિશિષ્ટ બાબતોને લક્ષ પર લાવવા બદલ કલ્પવૃક્ષના મારા બધા મિત્રોની હું આભારી છું.

## ૧ | પ્રાસ્તાવિક

પ્રવાસન ખાતું એ આજે દુનિયાનો સૌથી વધુ ઝડપથી વિસ્તરતો ઉદ્યોગ ગણાય છે, અને તાજેતરનાં વર્ષોમાં વિકસિત દેશોના અર્થતંત્રમાં એ ઘણો નોંધપાત્ર ભાગ ભજવે છે. પ્રવાસન ખાતું અર્થતંત્ર, પર્યાવરણ તેમ જ સમાજને આવરી લેતા લાભ પૂરા પાડવાની ક્ષમતા ધરાવે છે. આમ છતાં, વૈશ્વિક ધોરણે અને ખાસ કરીને ભારતમાં પ્રવાસન યોજનાઓમાં પ્રવર્તતા વર્તમાન પ્રવાહો પ્રવાસન પ્રવૃત્તિમાં હાનિકારક અસરો પડવા અંગે વિવિધ પ્રકારના સંશયો પેદા કરે છે. પર્યટનનાં સ્થળો તેના નૈસર્ગિક,સામાજિક તથા આર્થિક પ્રશ્નો પરત્વે વધતા જતા દબાણનો અનુભવ કરી રહ્યા છે. પ્રવાસન પ્રવૃત્તિ દ્વારા મળતા આર્થિક લાભો મહદઅંશે એ જગ્યાથી ઘણે દૂર વસતા લોકો સંઘરી લે છે, જ્યારે ત્યાં વસતા લોકોના હિસ્સામાં ઘણો નાનો ભાગ આવે છે. આમ પ્રવાસન ખાતું તેની પ્રવૃત્તિથી થતી આવકમાંથી સરકી જતા લાભો માટે જાણીતું થઇ ગયું છે.અનિયંત્રિત પ્રવાસન પ્રવૃત્તિથી રહેણાંક વિસ્તારોની અવદશા થયાનું તેમ જ જમીન તથા પાણીમાં પ્રદૂષણ વધ્યાનું પણ સૌને વિદિત છે. પ્રવાસન પ્રવૃત્તિના અતિરેકથી ઘણી વાર સ્ત્રીઓ તથા બાળકોનું શોષણ થયું છે. અતિરેકને પહોંચી વળવા માટે ઘણી જગ્યાઓએ હોટેલ તથા પર્યટન-આવાસ બનાવવા માટે સર્વસામાન્ય હિતોનું ખાનગીકરણ તેમ જ ત્યાં વસતા લોકોનું સ્થળાંતર પણ થયાં છે.

*પ્રવાસન પ્રવૃત્તિના અતિરેકથી થતા ગેરલાભો અંગે વધતી જતી સભાનતાને પરિણામે લોકોના પ્રયત્નો પ્રવાસન પ્રવૃત્તિના વૈકલ્પિક રૂપો તરફ વળ્યા છે.*

પ્રવાસન પ્રવૃત્તિના અતિરેકથી થતા ગેરલાભો અંગે વધતી જતી સભાનતાને પરિણામે લોકોના પ્રયત્નો પ્રવાસન પ્રવૃત્તિના વૈકલ્પિક રૂપો તરફ વળ્યા છે. એમાંનું એક છે સામૂહિક સમાજવ્યવસ્થા આધારિત પ્રવાસન યોજના. સમાજવ્યવસ્થાના વિકાસ, ગરીબાઈના નિવારણ તેમ જ પ્રાકૃતિક અને સાંસ્કૃતિક વારસાની સાચવણીનાં પાસાઓ પ્રત્યે સજાગ હોવાથી આ પ્રકારની પ્રવાસન પ્રવૃત્તિએ સમગ્ર વિશ્વમાં વેગ પકડ્યો છે. વિકાસશીલ રાષ્ટ્રોમાં એ ગ્રામીણ તથા વિવિધલક્ષી પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

## ૨ | રાષ્ટ્રીયસંઘની વિકાસલક્ષી યોજના : યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP)ની સ્થાનિક પ્રવાસન યોજના: ઇન્ડોજીનસ ટુરિઝમ પ્રોજેક્ટ (ETP)

ગ્રામીણ સંસ્કૃતિને પ્રાધાન્ય આપતી તથા ગ્રામ્ય સમાજવ્યવસ્થા માટે આર્થિક લાભ પેદા કરતી ગ્રામીણ પ્રવાસન યોજનાને ૧૦મી પંચવર્ષીય યોજના હેઠળ ઘણું પ્રોત્સાહન તથા આગવું સ્થાન પ્રાપ્ત થયા છે. આ યોજનાને પ્રારંભિક ટેકો આપનારમાં એક છે ઈ.ટી.પી., જે ભારત સરકારના પ્રવાસન મંત્રાલય (MoT, GoI) તથા યુ.એન.ડી.પી. વચ્ચેનું સંયુક્ત સાહસ છે.' ઈન્ડોજીનસ'નો શાબ્દિક અર્થ છે 'અંદરખાનેથી પેદા થતું'. આ ચાર-વર્ષીય યોજના (૨૦૦૩-૨૦૦૭) હેઠળ ગ્રામ્ય જગ્યાઓના વિકાસ માટે પ્રવાસન પ્રવૃત્તિને લક્ષમાં રાખીને માર્ગદર્શક યોજનારૂપે ૩૬ ગ્રામીણ સ્થળોને પસંદ કરવામાં આવ્યા છે. સદીના વિકાસશીલ લક્ષ્યો: મિલેનીયમ ડેવલપમેન્ટ ગોલ્સ (MDG)નું એક લક્ષ્ય 'ગરીબી નિવારણ' પણ આ પ્રારંભિક યોજના વિકસાવવામાં માર્ગદર્શક હતું. યુ.એન.ડી.પી.એ ક્ષમતા વધારવાના પાસાને આર્થિક સહાય આપી, ભારત સરકારની ગ્રામીણ પ્રવાસન યોજનાએ ગ્રામીણ માળખાની સુધારણા માટે ટેકો આપ્યો. અત્યાર સુધીમાં, ૨૦૦૨માં એમ.ઓ.ટી.,જી.ઓ.આઈ. દ્વારા વહેતા મુકાયેલા 'અતુલ્ય ભારત' : ઇનક્રેડીબલ ઇન્ડિયાના પ્રચારે વૈશ્વિક પ્રવાસન ક્ષેત્રમાં ભારતનું સ્થાન ઊંચે લાવવામાં સફળતા મેળવી હતી. આને આગળ ધપાવવા માટે, ગ્રામ્ય બજારને પ્રકાશમાં લાવવાના તેમ જ ગ્રામીણ સમાજવ્યવસ્થાને માટે લાભદાયી થવાના ઉદ્દેશથી ઈ.ટી.પી. યોજના શરૂ કરવામાં આવી. પ્રવાસન ખાતાના એ સમયના મંત્રીના કહેવા મુજબ " ગ્રામીણ પ્રવાસનને આગળ ધપાવવા વિશિષ્ટ ધ્યાન આપવું જોઈએ, આપણી સંસ્કૃતિ તેમ જ નૈસર્ગિક સંપત્તિ મહદઅંશે અહીં જ વસે છે."

મુખ્યત્વે સ્ત્રીઓ તથા બેકાર યુવાનો ધન-ઉપાર્જન માટે પંચાયતી રાજ મંડળો (PRIs) અને બિન-સરકારી

સંસ્થાઓ (NGOs) ના સહકારથી પોતાની આવડતનો ઉપયોગ કરી શકે એવી ગણતરી રાખવામાં આવી હતી. આ ઉપરાંત, એવું પણ મંતવ્ય હતું કે સ્થાનિક સંસ્કૃતિ તથા આસપાસના વાતાવરણને લોકોના ધ્યાન પર લાવવાથી પ્રવાસન ખાતું ત્યાંના સમાજનું ગૌરવ વધારી શકશે તેમ જ લુપ્ત થતી જતી સાંસ્કૃતિક પ્રણાલિકાઓને પુન:જીવન આપી શકશે. આ પ્રારંભિક યોજનાનો મૂળભૂત ઉદ્દેશ એ હતો કે "જે સ્થાનિક કળાઓ હસ્તિ ધરાવે છે તેને બહાર લાવી એના થકી ધન-ઉપાર્જન માટેની યોજનાઓ ઘડવી. અને આમ, આ પ્રયત્ન એને અંદરખાનેથી પેદા થતી યોજનાનું સ્વરૂપ આપે છે. આમ, આ પ્રારંભિક યોજનાથી ગ્રામીણ સમાજ તેમ જ પ્રવાસીઓ, બંનેને લાભ થશે." અંદરખાનેથી પેદા થતી અથવા નવા સ્વરૂપે બહાર આવતી પ્રવાસન યોજનાનો ઉદ્દેશ સ્થાનિક સમાજ અને પ્રવાસીઓ વચ્ચે પરસ્પર સૂઝ તથા શિક્ષણનું વાતાવરણ ઊભું કરી તેમ જ વિધવિધ પાસાઓને નવું સ્વરૂપ આપી પ્રવાસીઓનો અભિગમ વિસ્તૃત કરવાનો હતો.[૧]

ઈ.ટી.પી. હેઠળ, પ્રવાસન પ્રવૃત્તિની માલિકી તેમ જ સંચાલન સમાજ-હસ્તક રાખવાના મુદ્દા પર નોંધપાત્ર ભાર મૂકવામાં આવ્યો હતો. મુખ્ય જવાબદારી સમાજના સભ્યોની હતી, જેમાં સ્ત્રીઓ, યુવાનો તથા કારીગરોનો પણ સમાવેશ થતો હતો. આ જવાબદાર વ્યક્તિઓથી બનેલી ગ્રામ્ય સંસ્થાઓ નિર્ણયો લેવામાં તેમ જ યોજનાના અમલીકરણમાં મુખ્ય ભાગ ભજવે છે. રાજ્ય તથા રાષ્ટ્રીય સરકાર, એન.જી.ઓ. અને પ્રવાસન ઉદ્યોગ તરફથી મળતો બાહ્ય ટેકો યોજનાના અમલીકરણ તથા નિભાવ, બંને માટે ઘણો મહત્વનો છે. વિવિધ સ્તરો તથા ભાગીદારો વચ્ચેના સેતુ જાળવી રાખવાનું કામ એમ.ઓ.ટી, જી.ઓ.આઈ.નું છે. ગ્રામ્ય સ્થળોની પ્રારંભિક વરણી તેમ જ પસંદ કરાયેલા સ્થળોની સાચવણી તથા માળખું ઊભું કરવા માટે રાજ્ય સરકારની મદદ લેવામાં આવી હતી. પ્રવાસન યોજનાની ક્ષમતા ઊભી કરવામાં મદદરૂપ થઇ શકે એવી એન.જી.ઓ.ને, સ્થાનિક સ્થળોએ એમની ઉપસ્થિતિ, સ્થાનિક સમાજ દ્વારા એમનો સ્વીકાર, એમની આવડત તથા નક્કર કામના અનુભવને આધારે પસંદ કરવામાં આવી છે. પ્રવાસન સ્થળો તરફ લોકોનું ધ્યાન ખેંચવા તથા ગ્રામ્ય મુકામો પર જવા માટે સમગ્ર સગવડો આવરી લેતા પ્રવાસના આયોજન માટે પ્રવાસ-આયોજકોની જવાબદારીને સૌથી મહત્વની ગણવામાં આવી છે.[૨] ગુજરાત રાજ્યના કચ્છમાં આવેલા બન્ની વિસ્તારમાં આવી એક યોજનાનું અમલીકરણ થયું છે.

આ મૂલ્યાંકન, એ યોજનાના સંદર્ભનું વિહંગાવલોકન તથા આવા પ્રારંભિક પગલાની કાર્યપદ્ધતિ, તેના વિકાસ તથા તેના પરિણામની સમીક્ષા કરે છે તેમ જ તેને પ્રવાસન પ્રવૃત્તિના અતિરેકના એક વિકલ્પ તરીકે પણ ચકાસે છે.

## 3 | કચ્છનો બન્ની વિસ્તાર[3]

બન્ની ૩,૮૪૭ ચો. કિ.મી. વિસ્તારમાં પથરાયેલું છે, જે કચ્છના કુલ ભૌગોલિક વિસ્તારનો ૮.૪ ટકા હિસ્સો આવરી લે છે. પ્રખ્યાત કચ્છી કવિ દુલેરાય કારાણીની નિમ્નલિખિત પંક્તિઓ એ વિસ્તારનું આબેહૂબ વર્ણન કરે છે:


photo: www.bannigrassland.org

*હરિયાળું બન્ની*
*કચ્છના રણને વીંટળાતું*
*જ્યાં કૂવાઓમાં પાણી છલકાતું*
*આહ્લાદક બાગોમાં લીલુંછમ ઘાસ મલકાતું,*
*જ્યાં ભરાવદાર માંસલ ગાય-ભેંસુ હરે-ફરે*
*દૂધ-માખણની છોળો ઊડે*
*જ્યાં સૂરજ ઊગે*
*છાશના વલોણાના સૂરે....*

ભુજ જિલ્લાની ઉત્તરીય સરહદે આવેલું ગોચર બન્ની એક સમયે કચ્છના મોટા રણનો એક ભાગ હતું એમ માનવામાં આવે છે. 'બન્ની' નામ કચ્છી શબ્દ 'બન્નાઈ' પરથી લેવામાં આવેલું મનાય છે, જેનો શાબ્દિક અર્થ થાય છે 'બનાવેલું'. ઉત્તર દિશાએથી વહેતી આવતી નદીઓ દ્વારા ચોમાસાના પૂર દરમ્યાન સદીઓથી ઘસડાઇને આવતી માટીની થયેલી જમાવટથી બન્નીની રચના થયેલી છે. બન્નીના બે-તૃતિયાંશ ભાગમાં ખારાશનું પ્રમાણ ઘણું વધારે છે. ૪૦થી પણ વધુ પ્રકારના ઘાસ ધરાવતા બન્નીની ગણતરી એક સમયે એશિયાની સૌથી સરસ અને સૌથી વધુ વિસ્તરેલી ઘાસિયાભૂમિમાં થતી હતી. જો કે સમય જતાં હવે ઘાસની આ વિવિધતા માત્ર ૧૦-૧૫ પ્રકાર સુધી સીમિત થઇ ગઈ છે. આજે પણ બન્નીમાં ફૂલ-વેલના વિવિધ પ્રકારો જોવા મળે છે. ઋતુને આધારે ઉદભવતા જળપ્લવિત વિસ્તારો, સ્થળાંતર કરતા ઘણાં પક્ષીઓને આકર્ષે છે. બન્નીમાં ૨૭૫ જાતનાં પક્ષીઓની નોંધણી થઇ છે, જેમાંથી ૧૦૭ જાતો સ્થળાંતર કરતાં પક્ષીઓની છે. (GIDE ૨૦૦૨)

આ વિસ્તારના મુખ્ય રહીશો માલધારીઓ અથવા વણઝારા છે, જે બધા મુસ્લિમ ધર્મ પાળે છે. બન્નીમાં ૧૫ થી ૨૦ માલધારી મુસ્લિમ જાતો છે. બન્નીમાં વસવાટ કરતી અન્ય પેટા-જાતિઓમાં જાટ, રાયસીપુત્ર, સૈયદ, મુટાવા, નોડ, હિંગોરજા, બામ્ભા, કુરાર, સુમરા, જુનેજા, ભટ્ટી, હાલીપુત્ર અને ખત્રીનો સમાવેશ થાય છે. મેઘવાળ અને વધાસ હિંદુ પેટા-જાતિઓ છે. બન્નીના માલધારીઓના પૂર્વજો અંગે અનેક મંતવ્યો છે. એક મંતવ્ય મુજબ, એ લોકો મૂળ હિંદુ / રાજપૂત જાતિના હતા અને સમય જતાં મુસ્લિમ ધર્મમાં વટલાયા. આનાથી વિપરીત મંતવ્ય એમ દર્શાવે છે કે માલધારી જાટ લોકો ઈરાનના ખેડૂતોના વંશજ છે. આ સમાજના લોકોનો બાહ્ય દેખાવ આ મંતવ્યને ટેકો આપનારો છે. જર્મન વિદ્વાનોનું સંશોધન આ જાટ લોકો મૂળ જર્મનીના હોવાનું સૂચવે છે. પૌરાણિક કથા મુજબ, અત્યારે જ્યાં બન્ની છે ત્યાં, દરિયો પાર કરીને આવેલાં જર્મન વહાણો લાંગર્યા હતાં. પરિસ્થિતિવશ એમને બન્નીમાં રહેવું પડ્યું અને સમય જતાં તેઓ ત્યાં જ સ્થાયી થઇ ગયા. જાટ લોકોની પરંપરાગત જીવનશૈલી આ માન્યતાને ટેકો આપનારી લાગે છે. ખાસ કરીને ફકરાણી જાટ લોકો પીર સાવલા પીર (જાટ લોકોનું એક ધાર્મિક સ્થળ )ના મેળામાં એમનાં સગાં-સંબંધીઓને નાની હોડી અર્પણ કરે છે. એવું માનવામાં આવે છે કે આનો સંબંધ કોઈ જર્મન પરંપરા સાથે છે.

બન્નીમાં ૩૪ ગામ છે, જેમાં લગભગ ૫,૫૦૦ કુટુંબો અને ૨૯,૫૦૯ (૨૦૦૧ની વસતિ-ગણતરી મુજબ) જનસંખ્યા વસવાટ કરે છે. આ ગામો 'ઝીલ' કહેવાય છે, જેનો અર્થ થાય છે 'પીવાલાયક પાણીવાળા પ્રદેશો'.



## કચ્છના સમૃદ્ધ પશુધનની વિવિધતા

*એશિયાની સૌથી મોટી કુદરતી ઘાસિયાભૂમિ - બન્ની ધરાવતા કચ્છમાં વિવિધ પ્રકારના પશુધનની મોટી સંખ્યા વસે છે જેમણે એ વિસ્તારની પ્રતિકૂળ રહેણાંક પરિસ્થિતિને અનોખી રીતે અપનાવી લીધી છે. મુખ્ય પશુધન છે કાકરેજ ગાય, બન્ની ભેંસ, કચ્છી બકરા, કચ્છી ઊંટ, મારવાડી અને પાટણવાડી ઘેટા. આ પ્રદેશના અર્થતંત્રમાં આ પશુધન ઘણું મહત્વનું સ્થાન ભોગવે છે કારણ કે એમના થકી લોકોને દૂધ, દૂધની બનાવટો, માંસ, ઊન તથા પવનચક્કી ઉર્જા પ્રાપ્ત થાય છે. ૨૦૧૦માં બન્નીની ભેંસની નોંધણી ભારતની ૧૧મી ભેંસ જાતિ તરીકે થઇ હતી, જે બાબત ઘણી વિશિષ્ટ સિદ્ધિ કહેવાય, કારણ કે સ્થાનિક સમાજ દ્વારા સંવર્ધન કરાયેલા પશુધનની રાષ્ટ્રીય સ્તરે સત્તાવાર નોંધ લેવાય એવું પહેલી વાર બન્યું છે.*

# ૪ | બન્ની: બદલાતી જિંદગી, જીવનશૈલી અને ધરતી

બન્નીનો પ્રદેશ સિંધુ તેમ જ અન્ય નદીઓ દ્વારા સદીઓથી ખેંચાઈ આવી જમા થયેલા કાંપનો બનેલો છે. એવું માનવામાં આવે છે કે ૧૮૧૯ના કચ્છ ભૂકંપ પહેલાં સિંધુ નદી બન્નીમાં થઈને વહેતી હતી અને એ સમયના સ્થાનિક ખેડૂતો મહદઅંશે ચોખાની ખેતી કરતા હતા. પરંતુ ભૂકંપને કારણે નદીનો પ્રવાહ બદલાયો, અને હવે એ પાકિસ્તાનના સિંધમાં થઈને વહે છે. (ઠાકર ૨૦૦૨) બન્નીની ઘાસિયાભૂમિ પર ઘણી બાબતોનો પ્રભાવ પડે છે. નદીના કાંપને લીધે બન્ની એશિયાની શ્રેષ્ઠ ઘાસિયાભૂમિ બની હોવા છતાં હવે આ પ્રદેશમાં ક્યારેક દુષ્કાળ પડવા માંડ્યો છે અને જ્યારે જ્યારે દુષ્કાળ પડે છે ત્યારે ત્યાંના ગોવાળોને પોતાનાં ગાય-ભેંસ અન્યત્ર લઇ જવા પડે છે. ગોવાળોની મુખ્ય આવક પશુધન, દૂધની બનાવટો, ઊન તથા હસ્તકળાની ચીજવસ્તુઓના વેચાણમાંથી ઊપજે છે. પરંતુ હવે એમ લાગે છે કે પરંપરાગત જીવનશૈલી પશુધનના સંવર્ધનને બદલે પશુઓને ઘાસ ચરાવવાની થઇ ગઈ છે.[૪]

અહીંની ધરતી ગાંડા બાવળ (પ્રોસોપીસ જુલીફ્લોરા)ના અતિરેકને પરિણામે બદલાવા માંડી છે. જમીનની ખારાશ તથા એ પ્રદેશની ઉજ્જડતાને વધતાં અટકાવવા માટે ગુજરાત સરકારના વનવિભાગે બહારથી આણેલા આ છોડ અહીં ઉગાડ્યા. ૧૯૮૦ના દાયકામાં તો આ વૃક્ષ કાપવા સામે પ્રતિબંધ પણ મૂકવામાં આવ્યો હતો. એ સમયે એની રોપણી જમીનના માત્ર ૧૦ ટકા પર હતી. પરંતુ ૧૯૯૦ના દાયકા સુધીમાં એ પાક ૪૦ ટકા જમીન પર વિસ્તરી ગયો હતો. આ વૃક્ષોને પરિણામે સ્થાનિક શાકભાજીના પાકને નુકસાન થાય છે તેમ જ ઘાસિયાભૂમિની ગુણવત્તા ઓછી થાય છે એવી દહેશતને કારણે ૨૦૦૪ની શરૂઆતમાં રાજ્યના વનવિભાગે એ વૃક્ષો કાપવા પરનો પ્રતિબંધ ઉઠાવી લીધો. લોકો બાવળમાંથી કોલસો બનાવતા, અને આ વૃક્ષો કાપવાથી જગ્યા મોકળી થશે એટલું જ નહીં, લોકોને કમાણીનું સાધન મળશે એવી આશા હતી. પરંતુ કમભાગ્યે આ નિર્ણયની વિપરીત અસર થઇ. વૃક્ષો આડેધડ કાપવાને પરિણામે રહેઠાણને ભારે નુકસાન થયું. ૨૦૦૮માં ફરીથી પ્રતિબંધ લાદવામાં આવ્યો. (ભટ્ટ ૨૦૧૧)

૨૦૦૧ના ધરતીકંપનું કેન્દ્રબિંદુ કચ્છ હોવાથી જમીનની પ્રાકૃતિક રચના બદલાઈ ગઈ, જાનહાનિ થઇ તથા માલ-મિલકતને ઘણું નુકસાન પહોંચ્યું. આ દુર્ઘટના પછી પુનર્વસવાટ તથા પુનઃનિર્માણ માટે જબરજસ્ત વૈશ્વિક ટેકો મળ્યો. આ સમય દરમ્યાન ઘણી સંસ્થાઓની રચના થઇ અને એ પ્રદેશને પુનઃ સ્થાપિત કરવા માટે ઘણા મૌલિક રસ્તાઓ અપનાવાયા. આ બધાને પરિણામે, બહારની વિવિધ સંસ્થાઓ સ્થાનિક સમાજના સંપર્કમાં આવી, જેને લીધે આ સમાજોના દ્રષ્ટિકોણમાં સારા ને નરસા બંને પ્રકારનાં પરિવર્તનો આવ્યાં.

ગોવાળોનો સમાજ આ ઘાસિયાભૂમિ પર આવી શકે અને તેનો ઉપયોગ કરી શકે કે કેમ તે નક્કી કરવામાં ઘણાં સામાજિક બળો પણ કામ કરી રહ્યાં છે. માલધારીઓના ૨૨ ગોપાલક સમજો દ્વારા સ્થાપવામાં આવેલી સંસ્થાઓ આ ઘાસિયાભૂમિમાં પ્રવેશ અને તેના ઉપયોગને વર્ષોથી સાચવતા આવ્યા છે. પરંતુ આ બાબત ચોખ્ખીચટ્ટ નથી. પ્રવેશ અને ઉપયોગના મુદ્દાઓ પરત્વે વનવિભાગ, મહેસૂલ વિભાગ અને ગોપાલક સંસ્થા વચ્ચેની અસ્પષ્ટતા ચાલુ જ રહી છે. આ ઘાસિયાભૂમિનો કેવી રીતે ઉપયોગ કરવો એ બાબત પર પરસ્પર વિરોધી મુદ્દાઓ પ્રવર્તે છે. આમાં, ઘાસિયાભૂમિને તેના અનોખા વિવિધલક્ષી પાસાઓ માટે સાચવી રાખવી, આ પ્રદેશમાં ઊભા થયેલા ઉર્જા-એકમોને માટે કોલસાનું ઉત્પાદન કરવું, અને છેલ્લું, પશુધનના સંવર્ધન તેમ જ તેને લગતા કામો માટે એ પ્રદેશ જાળવી રાખવો - આ મુદ્દાઓનો સમાવેશ થાય છે.[૪]



બાવળમાંથી બનાવાતો કોલસો

## ૫ | હોડકા[3]

એવું માનવામાં આવે છે કે ૩૦૦ વર્ષ પૂર્વે 'હાલીપુત્ર' કુળ દ્વારા હોડકા ઝીલ વસાવવામાં આવ્યું હતું. ' હાલીપુત્ર 'નો અર્થ છે સિંધથી સ્થળાંતર કરીને આવેલા હાલાજીનો પુત્ર કે વંશજ. એમને સાત પુત્રો હોવાનું કહેવાય છે. આમાંથી પુત્ર ડેરોના વંશજો હોડકા તથા દુમાડો ગામમાં સ્થાયી થયા. સંજોત કુળના હરિજનો પણ હોડકા ગામમાં આવી વસ્યા. તેઓ રાજસ્થાનના મારવાડથી આવેલા મનાય છે. હોડકા બન્નીના હાર્દ સમું છે અને ત્યાં એનાં કળા, સ્થાપત્ય, સંસ્કૃતિ તેમ જ જીવનશૈલી પ્રતિબિંબિત થાય છે. હોડકા ઝીલમાં છ કસ્બા (વંધ) છે. આ કસ્બાઓમાં કુલ ૮૫૪ની જનસંખ્યા સાથે ૨૩૪ કુટુંબો વસે છે. આ પ્રદેશની વિશિષ્ટ સ્થાપત્યકળા ત્યાંના સ્થાનિક બાંધકામ 'બુંગા'માં છતી થાય છે, જેમાં ત્યાંના લોકો રહે છે. માટીમાંથી બનાવેલું આ ગોળાકાર ઘર છે, જેના પર ઘાસનું છાપરું હોય છે. આ પ્રદેશમાં પ્રવર્તતી વિષમ પરિસ્થિતિ માટે આ પ્રકારનું ઘર સુયોગ્ય મનાય છે.

ગુજરાતનું કેટલુંક બારીક ભરતકામ તેમ જ ચામડાની વસ્તુઓ બન્નીમાં બને છે. આસપાસના ઉજ્જડ પ્રદેશથી વિપરીત, અને કદાચ એને ભુલાવવા માટે, અહીંનું ભરતકામ ઉજ્જ્વળ, ઊઘડતા રંગોનું અને ખૂબ જ બારીકાઇભર્યું હોય છે. નિજી ઉપયોગ માટે તેમ જ વેચાણ માટે સ્ત્રીઓ ભરતકામ કરે છે. આ કૌટુંબિક પ્રણાલિ માતા તરફથી દીકરીને વારસામાં મળે છે. મુસ્લિમ તેમ જ હરિજન, બંને જાતિની સ્ત્રીઓ ભરતકામ કરે છે, પરંતુ બંને પોતપોતાની સંસ્કૃતિને વિશિષ્ટ પ્રકારે પ્રતિબિંબિત કરે છે. અહીંની જીવનશૈલી (ખાસ કરીને મેઘવાળ જાતિની) પશુધન તથા ચર્મઉદ્યોગમાં વણી લેવામાં આવી છે. આ કળા મુખ્યત્વે પુરુષોને હસ્તગત હોય છે. સંગીત પણ બન્નીની સંસ્કૃતિનો એક અંતર્ગત ભાગ છે. પરંપરાગત લોકગીતો ગાવા તેમ જ પરંપરાગત વાદ્યો વગાડવા એ બન્નીની જીવનશૈલીમાં મહત્વનો ભાગ ભજવે છે.





માતા તરફથી દીકરીને વારસામાં મળતી ભરતકામની પરંપરા

## ૬ | હોડકામાં શામ-એ-સરહદનો ઉદ્‌ગમ

૨૦૦૪માં તે સમયના જિલ્લા અધિક્ષકે યુ.એન.ડી.પી.ની ઈ.ટી.પી. યોજના હેઠળ આવરી લેવા માટેનાં સૂચિત નામોમાં હોડકાનું નામ મૂકેલું. આ જ યોજના માટેની કેન્દ્રબિંદુ સંસ્થા તરીકે કચ્છ મહિલા વિકાસ સંગઠન (કે.એમ.વી.એસ.)નું નામ સૂચવાયું છે. જેને, અગાઉ જનવિકાસ પર્યાવરણ એકમ તરીકે જાણીતી અને ૧૯૯૧થી આ પ્રદેશમાં કાર્યરત રહેલી એન.જી.ઓ. 'સહજીવન'નો ટેકો છે. સહજીવન કે.એમ.વી.એસ. સાથે સંલગ્નપણે કાર્ય કરે છે. બંને સંસ્થાઓનું સ્પષ્ટરૂપે માનવું છે કે સ્થાનિક સમાજને માન્ય હોય તો જ આ યોજનાનો અમલ થઇ શકે. આને પરિણામે, સમાજ-સંચાલિત પ્રવાસન યોજનાનું પ્રારંભિક એકમ સ્થાપવાનો વિચાર ઉદભવ્યો.

એ પ્રદેશની ગ્રામીણ સ્ત્રીઓના સશક્તિકરણના મૂળભૂત ઉદ્દેશથી ૧૯૮૯માં કે.એમ.વી.એસ.ની સ્થાપના થઇ.કે.એમ.વી.એસ.નું લક્ષ્ય જનજાગૃતિ ઊભી કરીને તેમ જ સ્થાનિક જૂથોને ટેકો આપીને આ ઉદ્દેશ પાર પાડવાનું હતું. કે.એમ.વી.એસ.નો વિકાસ થતાં એનું લક્ષ્ય પણ વિસ્તર્યું, જેમાં, પર્યાવરણને પુનઃ સ્થાપિત કરવું, જીવન-જરૂરિયાતની વસ્તુઓ મેળવવી તેમ જ અન્ય વિકલ્પો શોધવા, સ્ત્રીઓનું દમન અટકાવવું, પ્રજોત્પત્તિને લગતું એમનું સ્વાસ્થ્ય સાચવવું, અને ગ્રામ પંચાયત દ્વારા સ્થાનિક સત્તાને બળવત્તર બનાવવાનો સમાવેશ થાય છે. માત્ર ગ્રામીણ સ્ત્રીઓની બનેલી એક સંસ્થામાંથી આગળ વધીને કે.એમ.વી.એસ. હવે સમગ્ર કચ્છ જિલ્લામાં પથરાયેલી પાયાના સ્તરની સાત સંસ્થાઓમાં વિસ્તરી છે. આ તાણાવાણામાં સ્ત્રી-ગોપાલક, ખેડૂત, કારીગર, માછીમાર, પગારદાર કામદાર, સંગીતકાર, સ્ત્રીઓ દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિ, દાયણ તેમ જ એકાકી સ્વનિર્ભર સ્ત્રીઓનો સમાવેશ થાય છે.

બેમાંથી એકે સંસ્થાએ અગાઉ કદી પ્રવાસન પ્રવૃત્તિ પર કામ નહોતું કર્યું. પરંતુ સર્વત્ર એવી દ્રઢ લાગણી પ્રવર્તતી હતી કે આવો પ્રારંભ, પોતાની સંસ્કૃતિ તેમ જ આસપાસના પ્રદેશો અંગે સ્થાનિક સમાજમાં ગર્વની અનુભૂતિ જગાડવામાં મદદરૂપ થઇ શકે. આ પ્રયોગ માટેના સ્થળ તરીકે હોડકાનું સૂચન કરવા પાછળ કેટલાંક કારણો છે. ઘાસિયાભૂમિ અને પશુધન, જેને માટે આ પ્રદેશ પ્રખ્યાત હતો તે બંને ધીરે ધીરે લુપ્ત થતા જતા હતા, અને સ્થાનિક સમાજ આ બાબત પરત્વે ચિંતિત હતો. વધારે મહત્વની વાત હતી કે હોડકાની પ્રજાએ આ બંને સંસ્થાઓ સાથે કામ કર્યું હતું તેથી તેઓ ખુલ્લા દિલે નવા વિચારો સાંભળવા તેમ જ તેના પર વિશ્વાસ મૂકવા જેવી મનોસ્થિતિ ધરાવતા હતા.

એકદમ શરૂઆતમાં, જ્યારે આ પ્રારંભિક યોજનાનું સૂચન આગળ આવ્યું ત્યારે બંને સંસ્થાઓએ ગ્રામ પંચાયત સાથે એક બેઠક યોજી. મૂળ વિચાર એવો હતો કે હોડકામાં સમાજપ્રેરિત ગૃહ-વસવાટને ટેકો આપવો, પરંતુ સાંસ્કૃતિક તથા સામાજિક ધોરણે આ વિચાર આવકાર્ય નહોતો. પરંપરાગત પ્રણાલિ મુજબ, ગામમાં મુલાકાત માટે આવેલા અતિથિને મુખ્ય ઘરની બહાર આવેલી બેઠકમાં ઉતારો આપવામાં આવતો હતો. આ જ પ્રણાલિને કોઈક રીતે સાચવી શકાય એ અંગે સંબંધિત બધા લોકો વચ્ચે ઉગ્ર ચર્ચાઓ થઇ. સૌ પ્રથમ તો, આ અંગે ઘણા સંશયો હતા. એવું સૂચન થયું કે આરંભમાં ઘણા નાના પાયે તંબુમાં ઉતારો આપવાનું શરૂ કરવું. ૨૦૦૧ના ધરતીકંપ પછી હોડકાને ઘણા તંબુઓ મળ્યા હતા, જેમાંના કેટલાયે વપરાયા વગર પડી રહ્યા હતા. સૂચિત પ્રારંભિક પ્રવાસન યોજનાના શરૂઆતના તબક્કામાં આ તંબુનો ઉપયોગ કરવાનું નક્કી કરવામાં આવ્યું. જગ્યા તરીકે જૂથ ગ્રામ પંચાયત (જેમાં એ પ્રદેશના બધા - ૧૩ ગામોનું પ્રતિનિધિત્વ હતું) હસ્તકના એક જૂના સુકાઈ ગયેલા તળાવના પટનો ઉપયોગ કરવાનું નક્કી થયું. આ એક પ્રયોગરૂપે જ કરવાનું હતું કારણ કે એ સફળ થવા અંગે સમાજને પૂર્ણ ખાતરી નહોતી. પર્યટનસ્થાનને નામ અપાયું 'શામ-એ-સરહદ', જેનો અર્થ થતો હતો 'સરહદ પર એક સાંજ'. સમગ્ર બાંધકામની જવાબદારી હુન્નરશાળાને આપવામાં આવી.

૨૦૦૧ના ધરતીકંપ પછી રહેઠાણો બાંધવાના કામમાં મદદરૂપ થવા એકત્ર થયેલી સંસ્થાઓના ફળસ્વરૂપ ' હુન્નરશાળા ' અસ્તિત્વમાં આવી હતી. ભૂકંપ પછીના નવા બાંધકામને લીધે પરંપરાગત બાંધકામ પદ્ધતિની કેટલીક વિશિષ્ટતાઓ પ્રકાશમાં આવી. હુન્નરશાળાની રચના પાછળનો આશય માત્ર નવું બાંધકામ કરવા માટે જ નહિ, આ પ્રદેશમાં લાંબા સમય સુધી ટકી શકે એવો વિકાસ સાધવા માટે હુન્નરશાળા આ જ્ઞાન અને અનુભવ ગ્રહણ કરે એ પણ હતો. ૨૦૦૩માં એની એક સંસ્થા તરીકે નોંધણી થઇ. હુન્નરશાળાના કાર્યક્ષેત્રમાં ત્રણ બાબતો કેન્દ્રબિંદુ સમી છે : (૧) લોકોમાં પોતાનાં રહેઠાણો જાતે ઊભાં કરવા માટેની ક્ષમતા કઈ રીતે પેદા કરવી (૨) રહેઠાણોને કઈ રીતે વાતાવરણને અનુકૂળ, ટકાઉ તથા દુર્ઘટનામાં બચી શકે તેવા બનાવવા અને (૩) સ્થાનિક કારીગરોના જ્ઞાન તથા કૌશલનો ઉપયોગ કરી ઊંચી ગુણવત્તાવાળી વસ્તુઓ બનાવવી.


પ્રાયોગિક તબક્કાનો પ્રારંભિક વિચાર એવો હતો કે સ્થાનિક ગામડામાં સાંજ વિતાવવાનો યથાર્થ અનુભવ ઊભો કરવા માટે લોકોને રહેવાની જગ્યા બનાવવી તથા તેમને સ્થાનિક ભોજન આપવું. તંબુ વાપરવા અંગે તો સર્વસંમતિ થઇ, પરંતુ એને અંદરથી કઈ રીતે સજાવવું એ અંગે સ્પષ્ટતા નહોતી. હુન્નરશાળાએ માટી અને ગારો વાપરવા અંગે પંચાયતના સભ્યો સાથે ચર્ચા કરી. ગામડાઓમાં એવા ઘણા કારીગરો હતા જેમને બાંધકામમાં ગારો વાપરવાની આવડત હતી. આમ, સૌ પ્રથમ પગલું તંબુ માટે ગારાના ખાટલા તૈયાર કરવાનું હતું. સ્થાનિક લોકોનો પ્રતિભાવ રસપ્રદ હતો. ગારાના બનાવેલા ખાટલા સામે તેમને કોઈ આપત્તિ નહોતી, પરંતુ ગારાના બનાવેલા શૌચાલયનો વિચાર એમને માટે તદ્દન અજાણ્યો હતો., કારણ કે એમને ત્યાં શૌચાલયો હતા જ નહિ. વચગાળાના ઉપાય તરીકેનો ઉકેલ ઘણો પ્રશંસાપાત્ર હતો. શૌચાલયોની રચના ઘણી ઉમદા પ્રકારની કરવામાં આવી હતી, જે લગભગ કોઈ પણ ઉચ્ચ કક્ષાના પર્યટન-આવાસના વૈભવશાળી શૌચાલય જેવું પરંતુ ગારાનું બનેલું હતું. આ જોઇને પ્રવાસીઓ પણ અચંબામાં પડી ગયા કારણ કે એમણે તંબુમાં આવા વૈભવશાળી શૌચાલયની અપેક્ષા નહોતી રાખી.

શામ-એ-સરહદ પર્યટકો માટે ખુલ્લું મુકાયું અને લોકોની એના પ્રત્યે રુચિ વધી તેમ રહેવા માટે વધારે ટકાઉ મકાનો ઊભા કરવાનાં સૂચનો આવ્યાં. આ માંગણીને ધ્યાનમાં લેતી વખતે ગ્રામ્યજનો એક બાબત અંગે ઘણા સ્પષ્ટ હતા કે આ મકાનો આસપાસના વાતાવરણને અનુરૂપ હોવા જોઈએ. આને પરિણામે, ટકાઉ બાંધકામ કોન્ક્રીટને બદલે ગારાથી બનાવવાનો વિચાર ઉદભવ્યો. આ વિચાર યોગ્ય હતો કારણ કે આ પ્રદેશ એના ' બુંગા ' નામે ઓળખાતા અનોખા રહેઠાણો માટે જાણીતો હતો. તેના બાંધકામને કારણે, ૨૦૦૧ના ભૂકંપમાં બચી ગયેલા કેટલાક મકાનોમાં બુંગા પણ હતા.પોતાની પાસે આ પરંપરાગત કળા તથા કુદરતી હોનારતો સામે લડવામાં તેનો ઉપયોગ કરવાની આવડત હોવા અંગે સમાજમાં ગર્વની લાગણી પ્રવર્તતી હતી. રણમાં વાતાનુકૂલિત સાધનોની ગેરહાજરીમાં તીવ્ર તાપમાનને ખાળવા માટે પણ બુંગા આદર્શ મકાનો હતા. ગ્રામ્ય સમાજ એ હકીકતથી પણ વાકેફ હતો કે પર્યટકો આ અનોખા રહેઠાણો જોવા ખાતર પણ આટલે દૂર સુધી આવશે. સમાજમાં સૌ એકમત થયા કે પર્યટનસ્થળમાં ટકાઉ મકાનો ઊભા કરવા માટે એમને આ પ્રકારનું બાંધકામ જ જોઈએ છે. સૌ પ્રથમ, બાંધકામ માટે આ ઘણી વ્યવહારુ પદ્ધતિ હતી, અને એ પણ ખરું કે પર્યટકોને આવા નિવાસમાં રહેવાનો અનુભવ મળે. લોકો એ બાબત માટે પણ સહમત હતા કે આવા મકાનની જાળવણી સહેલી હતી તથા તેમાં જો કોઈ મરમ્મતની જરૂર પડે તો બહારની મદદ લીધા વિના સ્થાનિક ગ્રામવાસીઓ જ એ સંભાળી શકે તેમ હતા. ગારાની બનાવેલી દરેક દીવાલ પ્રણાલિકાગત ચિત્રો અને કલાકૃતિઓથી સુશોભિત કરવામાં આવી હતી. ગારાના બનાવેલા માળખાની વિશિષ્ટતા એ છે કે દર વર્ષે એ નવેસરથી બનાવવું પડે છે. આ પણ એક સામૂહિક પ્રવૃત્તિ થઇ અને દીવાલો નવી બને ત્યારે લોકોને પોતાની નવી કળા દર્શાવવાની તક પણ મળે. કારીગરોને પોતાની કળા વાપરવાનું પ્રોત્સાહન પણ મળે. પરંપરાગત રીતે આને ' લીંપણ ' કહેવાય છે. રમાબેનની દેખરેખ હેઠળ સ્ત્રીઓના જૂથને ગારાથી મકાન લીંપવાની આ પ્રવૃત્તિ માટે દર વર્ષે બોલાવવામાં આવે છે. શામ-એ-સરહદની દીવાલો પર ચિત્રકામ કરવાની યોજના સ્થાનિક લોકોને કંઈક નવીનતમ કરવા પ્રેરે છે અને ઘણા પોતાના નિજી બુંગામાં ચિત્રકામની કેટલીક નવી શૈલીનો ઉપયોગ કરે છે. (ઇક્વેશન્સ ૨૦૦૮)

નવા બાંધકામનું કાર્ય પૂરું થતાં સફળ પ્રવાસન યોજના માટેની અન્ય જરૂરી બાબતો સામે આવી. એ હતી આતિથ્યના ક્ષેત્રમાં સ્થાનિક સમાજની ક્ષમતા વધારવી, સંચાલન માટે તાલીમ આપવી, પૈસાની આવક-જાવક સાચવવી, સ્વચ્છતા અને આરોગ્ય જાળવવા વગેરે.



બુંગા



તંબુ



ભોજનશાળા

## ક્ષમતાનો વિકાસ

કે.એમ.વી.એસ. એ બાબતથી વાકેફ હતું કે આવું સાહસ શરૂ કરવા તથા ટકાવી રાખવા માટે ઘણી ક્ષમતાનો વિકાસ જરૂરી હતો, ખાસ કરીને આતિથ્ય તથા સ્વાસ્થ્ય અને આરોગ્ય સંબંધી ક્ષેત્રોમાં. આ પ્રદેશમાં ૧૯૮૪થી સફળતાપૂર્વક કાર્ય રહેલી 'ડેઝર્ટ કોર્સીસ ઇન ધ લીટલ રણ ઓફ કચ્છ' નામની સંસ્થાનો સંપર્ક સાધવામાં આવ્યો. એના કર્તાહર્તા ધનરાજ મલ્લિકે સૌજન્ય દાખવી સ્થાનિક યુવકોને તાલીમ આપવા માટે પોતાના વ્યવસ્થાપકને મોકલી આપ્યા જેમણે શામ-એ-સરહદ પર્યટકોને માટે તૈયાર થઇ જાય એ માટે મહિનાઓ સુધી અહી કાર્ય કર્યું. સ્થાનિક ભાષામાં 'ભોમિયા' એવા લોકોને કહેવાય છે જે પોતાની 'ભૂમિ'ને બરાબર જાણતા-સમજતા હોય. પ્રવાસીઓ માટે ભાષાન્તરીયા તેમ જ માર્ગદર્શક બની શકે એ રીતે યુવકોને તાલીમ આપવામાં આવી અને તેઓ સાચા અર્થમાં 'ભોમિયા' બન્યા. તાલીમ એ અવિરતપણે ચાલતી પ્રવૃત્તિ છે અને પ્રત્યેક વર્ષે નવા પ્રવાસન મહિનાઓ શરૂ થતાં નવેસરથી ચાલુ થાય છે. કેન્દ્રબિન્દુમાં સ્થાનિક યુવાનો જ રહે છે.




## સંચાલન

ગ્રામ પંચાયતે પર્યટન-આવાસના સંચાલન માટે સીધી જવાબદારી સંભાળી શકે એવી પ્રવાસન સમિતિની રચના કરી. હોડકા પંચાયતના બધા, એટલે કે ૧૩ ગામડાઓના પ્રતિનિધિઓ આ સમિતિમાં છે.અનિર્ણિત પ્રશ્નોની ચર્ચા કરવા માટે હજી પણ પ્રવાસન સમિતિ નિયમિતરૂપે બેઠક યોજે છે. શામ-એ-સરહદ ૨૦૦૫માં પ્રવાસીઓ માટે ખુલ્લું મુકાયું. ૨૦૦૬ અને ૨૦૦૭ દરમ્યાન કે.એમ.વી.એસ. અને યુ.એન.ડી.પી. એ ઘણા સાથ-સહકાર સાથે કાર્ય કર્યું. સમાજ-આધારિત કોઈ પણ નવીન પ્રવાસન યોજનાના પ્રારંભિક વર્ષોમાં આર્થિક ટેકો ઘણો મહત્વનો પ્રશ્ન બની રહે છે. ઈ.ટી.પી.ના એક ભાગની રૂએ શામ-એ-સરહદને સારી એવી આર્થિક સહાય મળી. ૩૬ પ્રવાસન સ્થળોમાંથી દરેકને રૂ. ૨૦,૦૦,૦૦૦/- ફાળવવામાં આવ્યા. આ આર્થિક સહાય જ્યારે જેવી જરૂરિયાત ઊભી થાય ત્યારે વપરાય અને એના હિસાબ સ્પષ્ટતા તથા જવાબદારીપૂર્વક જળવાય એ બાબતનું કે.એમ.વી.એસ.ની મદદથી પ્રવાસન સમિતિએ બરાબર ધ્યાન રાખ્યું.

૨૦૧૨ સુધી સંચાલનમાં મદદ માટે કે.એમ.વી.એસ. તરફથી એક વ્યવસ્થાપક મૂકવામાં આવ્યો હતો, અને દરેક દરેક પ્રવાસી-મહિનાઓના અંતે સૌનો પ્રતિભાવ જાણવા, કાર્યનું મૂલ્યાંકન કરવા તેમ જ સંચાલનને વધુ અનુકૂળ બનાવવા માટે જરૂરી ફેરફારો કરવા માટે બેઠકો યોજાતી. શરૂઆતનાં વર્ષોમાં આ નવીન યોજનાની માલિકી ગ્રામસમાજની હતી, પરંતુ સંચાલનમાં સહાયતાની જરૂર હતી. ૨૦૧૨થી શામ-એ-સરહદની સંપૂર્ણ માલિકી તથા સંચાલન સમાજહસ્તક થઇ ગયા છે. પર્યટન-આવાસમાં ૧૪ કાયમી કાર્યકર્તાઓ છે, અને તેઓ તથા વ્યવસ્થાપક સ્થાનિક ગ્રામજનો છે. પર્યટન-આવાસનો સમયગાળો ઓક્ટોબરથી માર્ચનો છે. પ્રવાસીઓનો સમય ન હોય એવા મહિનાઓમાં પણ ૫૦% કાર્યકરોનો પગાર ચાલુ રહે છે. પર્યટન-આવાસમાં કામ પર રાખેલા સ્થાનિક યુવાનો આ સમયગાળા દરમ્યાન માલધારી તરીકેના તેમના પરંપરાગત વ્યવસાયમાં પરોવાઈ જાય છે. રસપ્રદ વાત એ છે કે પ્રથમ નફા તરીકે થયેલી આવક રૂ. ૭૫,૦૦૦/- રાજસ્થાનના પ્રખ્યાત શરાફત ખાનને પર્યટન-આવાસ પર ગાવા માટે આમંત્રિત કરવા પાછળ ખર્ચાયા હતા. શામ-એ-સરહદની ૨૦૦૫-૨૦૦૬માં થયેલી રૂ. ૧,૦૦,૦૦૦/-ની આવક વધીને ૨૦૧૨-૨૦૧૩ના વર્ષમાં રૂ. ૪૫,૦૦,૦૦૦/- સુધી પહોંચી ગઈ છે. આ રકમ કઈ રીતે વાપરવી તે પ્રવાસન સમિતિ નક્કી કરે છે. આનો મોટા ભાગનો હિસ્સો પર્યટન-

આવાસની સાચવણીમાં તથા કાર્યકરોના વેતનમાં ખર્ચાય છે. ગામડાઓની જરૂરિયાત પ્રમાણે તેમના વિકાસ પાછળ પણ ખર્ચ કરવામાં આવે છે. દા.ત. કોઈ ગામડામાં પાણી પહોંચાડવા માટે પાઈપની જરૂર હોય તો પ્રવાસન યોજનાના ભંડોળનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્રદેશમાં યોજાતા પશુમેળા માટે પણ ભંડોળ વપરાય છે.



પ્રવાસન સંચાલન સમિતિના સભ્યો

## ૭ | આજનું શામ-એ-સરહદ

શામ-એ-સરહદ છેલ્લાં નવ વર્ષથી સફળતાપૂર્વક કાર્યરત રહેલું છે. હાલમાં તેની પાસે બે વ્યક્તિઓ માટે ઉપયોગમાં લઇ શકાય એવા છ તંબુ, ચાર બુંગા તથા આખું કુટુંબ રહી શકે એવા બે આવાસો છે. આ બધા આવાસો શૌચાલય સાથેના છે. પર્યટકો પાસેથી વસૂલવામાં આવતા પૈસામાં ત્રણ સમયનું ખાણું સામેલ છે. બધા ભોજનમાં પરંપરાગત સ્થાનિક ખાણું પીરસાય છે. બન્ની દૂધ તથા દૂધની બનાવટોનો પ્રદેશ છે, અને દરેક ભોજનમાં ઘી તથા છાશ જેવી દૂધની બનાવટો છૂટથી આપવામાં આવે છે. ઘી અને ગોળ સાથે બાજરીનો રોટલો અહીંની ખાસ વાનગી છે. સંધ્યાટાણે પર્યટન-આવાસમાં ખુલ્લા આકાશ નીચે પરંપરાગત સંગીતની રમઝટ બોલાય છે.

### 'બાજરા'નું નામ કેવી રીતે પડ્યું ?

કહેવાય છે કે બાજરો ૧૦મી સદીમાં કચ્છમાં આવ્યો, પરંતુ ત્યારે તેનો ઉપયોગ માત્ર ઘોડાના આહાર તરીકે કરવામાં આવતો હતો. એ સમયે ત્યાં સમા જાડેજાઓનું રાજ હતું અને લાખા ફુલાણી તેમના સૌથી વધુ લોકપ્રિય રાજા હતા. લાખાને લાગ્યું કે બાજરાનો ઉપયોગ માણસોના ખોરાક માટે પણ કરી શકાય. એમણે એના રોટલા બનાવડાવ્યા અને એક વૃદ્ધ માંદી સ્ત્રીને ખાવા આપ્યા. સ્ત્રીએ રોટલા ખાધા અને એને એનો સ્વાદ ભાવ્યો એટલું જ નહિ, એની તબિયત પર પણ સારી અસર થઇ. આના પરથી એ ધાનનું નામ 'બાજરો' પડ્યું. 'બા' એટલે વૃદ્ધ સ્ત્રી અને 'જરો' એટલે પચાવવું.[3]

પ્રવાસસ્થળ તરીકે શામ-એ-સરહદ માટેની સ્થળ-પસંદગી એકદમ યોગ્ય છે. વિવિધ કળા અને હસ્તકળાના ભંડાર સમા ગામડાઓ પર્યટન-આવાસની આસપાસ જ છે. આમાં સુંદર ભરતકામ તેમ જ ચર્મ, માટી,ધાતુ, ગારો તથા કાષ્ઠકામનો સમાવેશ થાય છે. પર્યટકો માટે પર્યટન-આવાસ દ્વારા આ ગામડાઓની મુલાકાત ગોઠવાય છે, જેથી પર્યટકો આ હસ્તકળાઓ પર કામ કરતા કારીગરોને તેમ જ એમની રોજિંદી જિંદગી તથા જીવનનિર્વાહની પ્રથાને પ્રત્યક્ષ નિહાળી શકે. અહીં વરસાદી પાણીના સંગ્રહ તથા તેની વ્યવસ્થા માટેના વિશિષ્ટ બાંધકામ પણ જોવા મળે છે. સ્થાનિક ભાષામાં એને 'વીરડા' કહેવાય છે. ચોમાસા દરમ્યાન પાણીના પ્રવાહનું નિરીક્ષણ કરી માલધારીઓ દ્વારા ખોદવામાં આવેલા આ છીછરા ખાડા છે. આ ખાડા ભૂગર્ભના ખારા પાણીની ઉપર જ બનાવવામાં આવેલા છે, પરંતુ એનું ખોદકામ એવી રીતે કરવામાં આવેલું છે જેથી નીચેનું ખારું પાણી મીઠા પાણીને દૂષિત ન કરે. આ બાંધકામને લીધે, માત્ર દસ ઇંચ વરસાદ પડે તો પણ બેથી ત્રણ મહિના ચાલે એટલું મીઠું પાણી મળી રહે છે. એ પછી ભૂગર્ભના પાણીના સતત થઇ રહેલા વધારાને કારણે મીઠું પાણી ખારું બની જાય છે.

નિસર્ગપ્રેમીઓ માટે આ પ્રદેશ અનોખી વિવિધતા પૂરી પડે છે. નજીકમાં આવેલું સફેદ રણ તેમ જ આ પ્રદેશની સૌથી ઊંચી જગ્યા કાળો ડુંગર જોવાલાયક સ્થળો છે. નજીકમાં આવેલા જળ-પ્લવિત વિસ્તાર છારી ઢંઢની મુલાકાત માટે પર્યટન-આવાસ વ્યવસ્થા કરી આપે છે. લગભગ ૧૦ કિ.મી.નો વિસ્તાર ધરાવતું છારી ઢંઢ સૌથી મોટો મૌસમી જળ-પ્લવિત પ્રદેશ છે. અહીં પુષ્કળ પ્રમાણમાં પક્ષીઓ જોવા મળે છે. આ જળ-પ્લવિત વિસ્તારમાં ૫૫ વિવિધ પ્રજાતિઓના ૫૦,૦૦૦થી વધુ પક્ષીઓની નોંધણી થઇ છે.



પ્રવાસન-આવાસના આતિથ્ય વિભાગમાં તાલીમ લેતા સ્થાનિક યુવાનો

કે.એમ.વી.એસ.ની મદદથી તૈયાર કરવામાં આવેલી સ્વતંત્ર વેબસાઈટ www.hodka.in દ્વારા શામ-એ-સરહદનો પ્રચાર થાય છે. અમદાવાદસ્થિત પ્રવાસ-આયોજકો સાથે સ્થાપેલા સંપર્કને લીધે પણ પ્રચારકાર્યમાં સહાયતા મળે છે. કર્ણોપકર્ણ વાતોથી શામ-એ-સરહદ હવે ઘણું પ્રખ્યાત થઇ ગયું છે. કેટલાય પ્રવાસ-આયોજકો (પરદેશના પણ) છેલ્લાં કેટલાંય વર્ષથી પ્રવાસીઓના જૂથ અહીં લાવવાનું આયોજન કરે છે. પર્યટન-આવાસમાં નામ નોંધાવવાના કામ માટે જ ભુજ ખાતે એક અલાયદી વ્યક્તિની નિમણૂંક કરવામાં આવી છે. શામ-એ-સરહદ પેસિફિક એશિયા ટ્રાવેલ એસોસિએશન (પી.એ.ટી.એ.) અન્વયે ૨૦૧૦માં શ્રેષ્ઠ ગ્રામ્ય પ્રવાસન યોજના તરીકેના સુવર્ણચંદ્રકનું વિજેતા બન્યું છે.

## ૮ | હોડકાની પ્રાથમિકતાની અસર: બહોળા ફલક પર

શામ-એ-સરહદની સ્થાપના અને તેની કાર્યવ્યવસ્થાએ ગ્રામ્ય સમાજમાં વિશ્વાસ જગાવ્યો છે કે તેઓ હકીકતમાં પોતાની પ્રવાસન યોજના ઊભી કરી શકે છે તેમ જ તેનો કાર્યભાર પણ સંભાળી શકે તેમ છે. આ સાહસની સફળતાએ લોકોને પોતાના જીવનનિર્વાહને લગતી અન્ય પ્રવૃત્તિઓમાં જોડાવા કે તેના કાર્યમાં સહભાગી થવા પ્રેર્યા છે. આમાંની એક પ્રવૃત્તિ છે બન્ની પશુ ઉછેરક માલધારી સંગઠન (બી.પી.યુ.એમ.એસ.). બન્નીના પશુઓની સાચવણી તથા તેમના વિકાસલક્ષી ઉછેરના મૂળભૂત ઉદ્દેશને કેન્દ્રબિંદુએ રાખી 'સહજીવન'ના સહકારથી ૨૦૦૮માં આ સંગઠનની સ્થાપના થઇ. આમાં, પશુઓ જ્યાં ચરવા જાય છે તે જળ-પ્લવિત પ્રદેશોની સાચવણી અને એ પ્રદેશના દૂધ-વેચાણ માટે સંયોજિત વ્યવસ્થાનો સમાવેશ થાય છે. આનાથી આગળ વધીને બહોળો ઉદ્દેશ એ પણ હતો કે સ્થાનિક સંસ્કૃતિ તથા પરંપરાને બિલકુલ આંચ ન આવે તે રીતે પ્રાણીઓ માટે પાણી તથા ખોરાકની સુલભતા તેમ જ સુયોજિત પશુ-વેચાણની વ્યવસ્થા ઊભા કરવા. એન.જી.ઓ. અને કૃષિ વિદ્યાલયના સહયોગથી માલધારી સંગઠને બન્નીના પશુધનનું વર્ગીકરણ કરવાની તેમ જ એમનું વર્ણન નોંધવાની પ્રક્રિયા શરૂ કરી. આ પ્રયત્નોને પરિણામે બન્નીની ભેંસને ભારતના પશુધનમાં ૧૧મો ક્રમાંક મળ્યો. બી.પી.યુ.એમ.એસ.ની મુખ્ય પ્રવૃત્તિ બન્નીનો વાર્ષિક પશુમેળો યોજવાની છે, જેને લીધે પશુઓની લે-વેચ કરવા માટે સ્થાનિક સ્તરે એક પદ્ધતિ ગોઠવાય. આ મેળો બન્ની પ્રદેશને લગતી અન્ય ચર્ચાઓ હાથ ધરવાનો મંચ પણ પૂરો પાડે છે. પ્રવાસન યોજનામાંથી મેળવેલું કેટલુંક ભંડોળ આ પશુમેળો યોજવામાં સહાયરૂપ બને છે. વનવિભાગ ખાતાની આ પ્રદેશ માટેની કાર્યકારી યોજનાની વિરૂદ્ધમાં માલધારી સંગઠને 'બન્ની કો બન્ની રહને દો 'નામે ચળવળ પણ શરૂ કરી છે.[5]

શામ-એ-સરહદની શરૂઆત થઇ એ જ વર્ષે, ૨૦૦૫માં, તે સમયના ગુજરાતના મુખ્ય પ્રધાન, અને આજના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કચ્છની મુલાકાત લીધી હતી. એમનું એવું મંતવ્ય થયેલું કે આ પ્રદેશને પ્રવાસન યોજના માટે ઘણી સારી રીતે વિકસાવી શકાય એમ છે. આને પરિણામે દર વર્ષે ડિસેમ્બરથી માર્ચ દરમ્યાન કચ્છના સફેદ રણમાં રણ-ઉત્સવ યોજનાનો ઉદગમ થયો છે. રણ-ઉત્સવ માટે જ ૫૦૦ તંબુઓનું બનેલું તંબુ-ગામ ઊભું કરવામાં આવે છે. શામ-એ-સરહદે જેમ ઘણી રીતે કચ્છ પ્રદેશની સંસ્કૃતિ ને કળાને લોકોના ધ્યાન પર લાવવાનો ચીલો ચાતર્યો તેમ રણ-ઉત્સવ આ જ ઉદ્દેશને વધુ બહોળા ફલક પર લઇ ગયો છે. પ્રચારના મુખ્ય કર્તા તરીકે અમિતાભ બચ્ચનના સહયોગથી ગુજરાતની પ્રવાસન યોજનાને પ્રોત્સાહન આપવાના પ્રયાસે આ પ્રદેશની દર્શનીયતા તથા લોકપ્રિયતામાં ઘણો વધારો કર્યો છે.



રણ-ઉત્સવનું તંબુગામ

## ૯ | પડકાર

### કાર્યક્ષેત્રનું સ્તર નક્કી કરવું

મર્યાદિત રહેઠાણ-વ્યવસ્થાને લીધે મર્યાદિત સંખ્યામાં જ પ્રવાસીઓ આવતા હોવાથી શામ-એ-સરહદનું કાર્યક્ષેત્ર હજી ઘણું સીમિત છે. અલબત્ત, પ્રવાસન સમયગાળા માટે આ બધા જ આવાસોની નોંધણી થઇ જાય છે એ બાબતથી આ પ્રારંભિક યોજનાની સફળતાનો આંક આવી શકે છે. પરંતુ આ પ્રદેશમાં હવે પ્રવાસન યોજનાનો વધુ પ્રસાર થઇ રહ્યો છે અને રણ-ઉત્સવને લીધે આ પ્રદેશના મુલાકાતીઓની સંખ્યામાં ઉદાહરણીય હદે વધારો થઇ રહ્યો છે. આને પરિણામે શામ-એ-સરહદ પર વધુ આવાસ- સ્થળોની માંગ થશે. આખું કુટુંબ રહી શકે એવા બે આવાસો તો ઉમેરાયા છે અને હાલમાં જે તંબુઓ છે તેની જગ્યાએ વધારે બુંગા ઊભા કરવાની વિચારણા ચાલે છે. ફલક અને પ્રવૃત્તિના વિસ્તરણની સાથે સાથે હંમેશા લક્ષ્યમાં બાંધ-છોડ થવાનું જોખમ રહેલું હોય છે. ઉદાહરણ સ્વરૂપે, સમય જતાં એવું પણ બની શકે કે સંપૂર્ણપણે ગારાના બાંધકામની જગ્યાએ કોન્ક્રીટનું બાંધકામ આવી જાય.

શામ-એ-સરહદની સફળતાને પગલે એ પ્રદેશમાં અન્ય કેટલીક એવી જ પ્રવૃત્તિઓ શરૂ થવાનો સળવળાટ ચાલુ થયો છે. કમનસીબે, એ સૌ શામ-એ-સરહદે આંકેલા સીમાચિહ્નો નથી અપનાવતા. હોડકામાં આજે બીજા ૫૦ ઓરડાઓ ઉપલબ્ધ છે. બાહ્ય દેખાવમાં આ ઓરડા, શામ-એ-સરહદમાં જે બુંગા છે એવા જ દેખાય છે, પરંતુ બુંગા બનાવવામાં હવે કોન્ક્રીટ વપરાય છે અને ઘણી વાર સ્વચ્છતાનું સ્તર પણ પહેલાં જેવું નથી જળવાતું. ભવિષ્યમાં શું થઇ શકે તેનું ઉત્તમ ઉદાહરણ રણ-ઉત્સવના તંબુગામની બાજુમાં આવેલા ધોરડોનું પર્યટન-આવાસ છે. પરંપરાગત સ્થાપત્યકળાથી પ્રેરાઈને આ પ્રવાસન-આવાસમાં બુંગા જેવા ઓરડા બનાવવામાં આવેલા છે પરંતુ પ્રત્યેક ઓરડો એર-કંડીશનર અને અદ્યતન ટેલિવિઝનથી સજ્જ છે.

આવા પરિણામોથી બચવાનો એક ઉપાય એ છે કે



બદલાતો સમય : નવા આવાસોનો ઉદગમ

કાર્યક્ષેત્રનું કડક રીતે પાલન થાય એવી પદ્ધતિ વિકસાવવી. સમગ્ર કચ્છ પ્રદેશમાં આ સ્તર જાળવવાનું કદાચ શક્ય ન બને, પરંતુ શામ-એ-સરહદ આ દિશામાં પહેલ કરી શકે અને પ્રારંભિક ધોરણે હોડકામાં પ્રવાસન યોજનાનું સ્તર નક્કી કરી શકે. આ એક પડકાર છે, પરંતુ એ ઝીલવા અત્યારથી પ્રયત્નો શરૂ કરવામાં આવે તો દેશમાં એ પ્રથમ ક્રમે હશે.

### સ્ત્રીઓનું અનુદાન

સ્ત્રીઓના સશક્તિકરણનો મુદ્દો યુ.એન.ડી.પી.ના ઈ.ટી.પી.ના મુખ્ય ઉદ્દેશોમાંનો એક હતો. સામાજિક તથા સાંસ્કૃતિક જીવનશૈલી જોતાં બન્ની માટે આ બાબત એક પડકારરૂપ જ હતી.મુખ્ય એન.જી.ઓ. કે.એમ.વી.એસ. વર્ષોથી આ પ્રદેશમાં સ્ત્રીઓ સાથે કામ કરી રહી હોવા છતાં આ એક હકીકત છે. પ્રવાસન વ્યવસ્થા સમિતિના પ્રાથમિક તબક્કામાં પહેલાં તો સ્ત્રીઓ સંકળાયેલી હતી, પરંતુ સમય જતાં તેઓ તેમાંથી બાકાત થઇ ગઈ. શરૂઆતમાં પર્યટન-આવાસનું ભોજન પણ ગામડાનાં ઘરોનાં રસોડામાં સ્ત્રીઓને હાથે રંધાઈને આવતું હતું. પરંતુ આવાસનું પોતાનું રસોડું બન્યું ત્યારથી એમાં ફરક પડી ગયો છે અને આ ભોજન આવાસના રસોડામાં પુરુષોના હાથે બનવા લાગ્યું છે. દર વર્ષે પ્રવાસન આવાસની દીવાલો લીંપવા સ્ત્રીઓનું એક જૂથ (રમાબેન અને તેમની ટુકડી) આવે છે. આ વિશિષ્ટ કૌશલ માત્ર તેઓ જ ધરાવે છે. આ ઉપરાંત, પર્યટન-આવાસમાં તથા આસપાસનાં ગામડાઓમાં વેચાતી અદ્‌ભુત ભરતકામની ચીજ-વસ્તુઓ સ્ત્રીઓ બનાવે છે, પરંતુ તે વેચવા માટે પુરુષોને આપવામાં આવે છે. આમ, આ પ્રારંભિક યોજનામાં સ્ત્રીઓ લોકનજરમાં વણદીઠી હોય છે. આ અંગે પ્રયત્ન કરવામાં નથી આવ્યો એવું નથી, પરંતુ આ પ્રદેશમાં જે સામાજિક નીતિ-નિયમો પ્રવર્તે છે તે ઘણા કડક છે અને બદલવા મુશ્કેલ છે.

## ૧૦ | સફળતાની મુખ્ય ચાવી / કેન્દ્રબિંદુએ રહેલાં મૂલ્યો

યુ.એન.ડી.પી./ એમ.ઓ.ટી. યોજનાઓ અંતર્ગત સહયોગ પામેલી ૩૬ યોજનાઓમાં શામ-એ-સરહદ એક સફળ પ્રારંભિક યોજના તરીકે આગળ આવ્યું છે. સ્થાનિક સમાજ માટે પ્રવાસન યોજના તદ્દન નવો વિચાર હોવા છતાં આ સિદ્ધિ પ્રાપ્ત થઇ છે. આનો યશ ઘણી બાબતોને જાય છે. સૌથી મહત્વની બાબત એ છે કે સ્થાનિક એન.જી.ઓ. (કે.એમ.વી.એસ. અને સહજીવન) ઘણાં વર્ષોથી આ પ્રદેશમાં સફળતાપૂર્વક કાર્યરત રહી છે અને સ્થાનિક સમાજનો એમના પર વિશ્વાસ છે. આ ઊંડી સમાલોચના માંગી લેતો મુદ્દો છે. સમાજ સાથે આ સંસ્થાઓએ જે ઘરોબો કેળવ્યો હતો તેને પરિણામે તેઓ એમની સમક્ષ પ્રવાસન યોજનાનો પ્રસ્તાવ મૂકી શક્યા હતા. ઈ.ટી.પી.એ પોતાની યોજનાઓ જિલ્લા અધિક્ષક દ્વારા રજૂ કરી હતી, જેઓ પોતે ઘણા જ સહયોગી તેમ જ વિકાસશીલ હતા. ગ્રામ્ય સમાજે પ્રવાસીઓને પોતાનાં ઘરોમાં ઉતારો આપવાના સૂચનને નકારી દઈ પર્યટન-આવાસને ગામડાઓથી દૂર ઊભું કરવાના વિચારને સંમતિ આપી હોવા છતાં જિલ્લા અધિક્ષક આ યોજનાને ટેકો આપી શક્યા હતા. સ્પષ્ટ છે કે અધિક્ષક આ યોજના સ્થાનિક હોવાનું મહત્વ સમજતા હતા અને આ નિર્ણય-તરફી વલણ લઇ શકે તેમ હતા. આ પ્રારંભિક યોજનાની સફળતાનો યશ બહોળો અભિગમ ધરાવતા અને આ પગલાને આગળ ધપાવવા તૈયાર સ્થાનિક સમાજને પણ જાય છે. પરંતુ બંને એન.જી.ઓ. તથા જિલ્લા અધિક્ષકે સમાજ સાથે અવારનવાર ચર્ચા-વિચારણા ન કરી હોત તો આ શક્ય ન થાત. મહત્વની વાત તો એ હતી કે સમાજના અભિપ્રાયો પર ધ્યાન આપ્યું હોવાથી તથા તેનો અમલ પણ કર્યો હોવાથી સમાજને આ યોજનામાં પોતે ભાગરૂપ છે એવી લાગણી હતી.

યોજનાની ઉત્તરોત્તર વધતી જતી સફળતાને લીધે લોકોમાં પોતાનાં સ્થાનિક સંસ્કૃતિ અને પરંપરા પ્રત્યેનો ગર્વ પુનઃ સ્થાપિત થયો. ક્યારેક વિપરીત પ્રત્યાઘાતો સાંભળવા મળતા હોવા છતાં પર્યટન-આવાસમાં જે ભોજન પીરસવામાં આવતું હતું તેમાં કે ત્યાં જે કાર્યપદ્ધતિ અપનાવાઈ હતી તેને થોડીક હળવી બનાવવા કે એમાં કશો ફેરફાર કરવાની પ્રવાસન સમિતિ કે સમગ્ર સમાજને ક્યારેય જરૂર નહોતી લાગી એ ઘણી પ્રશંસનીય બાબત છે. ઉદાહરણ તરીકે, જે સ્થાનિક તથા શાકાહારી ભોજન ત્યાં આપવામાં આવે છે તે પર્યટકો ઘણા આનંદથી ખાય છે અને તેમને એમાં કશા ફેરફારની જરૂર નથી લાગતી.

સમાજ-આધારિત કોઈ પણ પ્રવાસન સાહસ પૂરતી તાલીમ તથા ક્ષમતા વધારવાના પ્રયાસો વિના જ સફળ થઇ જાય એવી અપેક્ષા રાખવી વ્યાજબી

નથી. આ મુદ્દો યોજનાના પ્રારંભમાં જ ચર્ચવામાં આવ્યો હતો અને લક્ષ્ય નક્કી કરવામાં આ મુદ્દાએ મહત્વનો ભાગ ભજવ્યો છે. અલબત્ત, તાલીમ એ હંમેશા ચાલુ રહેતી પ્રવૃત્તિ હોવી જોઈએ અને પ્રત્યેક પ્રવાસન સમયગાળા અગાઉ એને નવેસરથી તાજી કરવી જોઈએ. કોઈ પણ પ્રવાસન-પ્રારંભ માટે ઉચ્ચ સ્તરની સ્વચ્છતા તેમ જ ચોખ્ખાઈ અને આરોગ્યની જાળવણી ઘણાં આવશ્યક છે. શામ-એ-સરહદ આ સ્તર જાળવી શક્યું છે એ પ્રશંસનીય છે. પ્રવાસન સંચાલન સમિતિની ચોકસાઈ, કાર્યકર્તાઓને આપેલી તાલીમ તથા એન.જી.ઓ. તરફથી મળેલા પ્રારંભિક સહકારને આ આભારી છે.

સ્પષ્ટ છે કે હોડકા પ્રત્યેનો ગ્રામ્ય-સમાજનો અભિગમ માત્ર પ્રવાસન યોજનાથી આગળ નીકળી ગયો છે. હોડકા ખાતેની પ્રવાસન યોજનાએ સમાજને નવું જોશ આપ્યું છે તેમ જ જીવનનિર્વાહ તથા નૈસર્ગિક સંપત્તિના સંચાલનના બહોળા ફલક પર પણ આવી જ રીતે એકત્ર થઈને સામૂહિક શક્તિ જાળવી રાખવા પ્રેર્યા છે. આને પરિણામે માલધારી સંગઠન તથા બન્નીનો પ્રદેશ જેવો છે તેવો જ રહેવા દેવાની ચળવળનો ઉદગમ થયો છે. કચ્છનો પ્રવાસન સ્થળ તરીકેનો જોરદાર પ્રચાર તથા રણ-ઉત્સવ જેવા બાહ્ય તત્વો પણ હોદ્કાને ગ્રામ્ય પ્રવાસન સ્થળ તરીકે ઉજાગર કરવામાં મદદરૂપ બન્યા છે.

## ૧૧ | શામ-એ-સરહદ : પ્રચલિત પ્રવાસન માળખાને પડકાર તથા તેના વિકલ્પ તરીકેનો પ્રચાર

પરંપરાગત રીતે જોઈએ તો પ્રવાસન ખાતું મહદંશે ઐતિહાસિક કે સાંસ્કૃતિક રસવૃત્તિવાળા અથવા નૈસર્ગિક સૌંદર્ય ધરાવતા સ્થળો સાથે સંકળાયેલું હોય છે. ઈ.ટી.પી.નો પ્રયાસ આ પરંપરાગત પ્રવાસન માળખાથી હટીને અનુભૂતિપ્રધાન માળખું ઊભું કરવાનો હતો. પ્રવાસન યોજના એટલે પંચતારક હોટેલોથી ઘણું વધારે, એવું એ પ્રતિપાદિત કરવા માગતું હતું. પરદેશી પ્રવાસી હવે અનુભવ લેવા તથા પ્રવાસન સ્થળ પાસેથી જેટલું મેળવે તેનાથી વધુ પાછું આપવા માંગે છે. ભારતમાં કળા, સંસ્કૃતિ અને વારસા રૂપે ગ્રામીણ ભારત જે આગળ ધરે છે તેનાથી વિશેષ કઈ બાબત પર ધ્યાન કેન્દ્રિત કરાય ? આ જ વિચારને ઈ.ટી.પી.એ આગળ ધપાવ્યો. અલબત્ત, પ્રમાણમાં આ એક નવી વિચારધારા હોવાથી ભારતમાં ગ્રામ્ય પ્રવાસન યોજનાના પ્રસાર માટે યોગ્ય માળખા અને ક્ષમતાની આવશ્યકતા છે. એમ.ઓ.ટી., જી.ઓ.આઈ. દ્વારા જે પ્રકારની પ્રવાસન યોજનાઓને મદદ મળતી હતી તેના કરતાં ઈ.ટી.પી.ની રચના ઘણા જુદા પ્રકારની છે. અત્યાર સુધી એમ.ઓ.ટી.નું મુખ્ય લક્ષ્ય હોટેલ તથા પર્યટન-આવાસો બાંધવાની યોજનાના માળખાને મદદ આપવાનું હતું. ઈ.ટી.પી. યોજના પરિણામ કરતાં કાર્યપદ્ધતિ પર વધુ ધ્યાન આપે છે, જેને લીધે પ્રવાસન યોજનાની વ્યવસ્થા તેમ જ નિર્ણયની સત્તા સમાજહસ્તક રહે છે, અને આ બાબત પોતે જ પ્રચલિત ચલણથી જુદી પડે છે. (ઇક્વેશન્સ ૨૦૦૮) આ ઉપરાંત, ઈ.ટી.પી. પ્રવાસન યોજનાને વિકાસ સાથે સાંકળે છે. શામ-એ-સરહદે સમાજ-આધારિત પ્રવાસન યોજના થકી લોકો સાચવણી તથા જીવનનિર્વાહના ઉદ્દેશને કઈ રીતે આગળ ધપાવી શકે એ બાબત સ્પષ્ટ કરી બતાવી છે.

*શામ-એ-સરહદનું એકમ ઘણી રીતે અનોખું છે, એનું મુખ્ય કારણ એ છે કે એની માલિકી અને સંચાલન બંને સમાજહસ્તક છે.*

દેશની પ્રવર્તમાન પ્રવાસન યોજનામાં (પછી ભલે તે નાનાં સાહસો હોય કે મોટી હોટેલ-શૃંખલા હોય) બહારના લોકો એ એકમને બાંધે છે, તેની માલિકી ધરાવે છે તેમ જ તેનું સંચાલન કરે છે. આ પ્રારંભિક યોજનામાં સ્થાનિક સમાજ ભાગ્યે જ એક ભાગરૂપ હોય છે, અને એનાથી એને કોઈ પ્રકારનો ફાયદો પણ નથી થતો. શામ-એ-સરહદનું એકમ ઘણી રીતે અનોખું છે, એનું મુખ્ય કારણ એ છે કે એની માલિકી અને સંચાલન બંને સમાજહસ્તક છે. દેશમાં એવા દાખલા છે જ્યાં પ્રવાસન યોજના સમાજ-આધારિત છે, પરંતુ એમાં એકમની માલિકી સમાજહસ્તક જ હોય એવું નથી, માત્ર સંચાલન સમાજના હાથમાં હોય છે. હોડકાના કિસ્સામાં સમાજને એવું પ્રતિત થાય છે કે શામ-એ-સરહદ એમનું પોતાનું છે અને આ બાબતને લીધે સમગ્રતયા ઘણો ફેર પડી ગયો છે. આ માલિકીને પરિણામે સમાજ બહોળા ફલક પર યોજના ઘડી શકે છે અને એમના નિજી રહેઠાણ અનોખી

ઘાસિયાભૂમિને ટકાવી રાખવા માટે પ્રવાસન એકમનું ભંડોળ વાપરી શકે છે.

જો કે, ખાસ લક્ષમાં રાખવા જેવી એક બાબત એ છે કે શામ-એ-સરહદ એક નાનું સાહસ છે જે બન્ની વિસ્તારના વારસા પરત્વે ધ્યાન કેન્દ્રિત કરતી મોટા પાયા પરની પ્રવાસન યોજનાના પ્રમાણમાં એક નાનકડી જરૂરિયાત પૂરી પાડે છે. ગ્રામ્યજીવનનો એકદમ નજદીકથી અનુભવ લેવા ઈચ્છતા પ્રવાસીને એ આકર્ષક લાગી શકે છે. એની સફળતાનું શ્રેય કેટલેક અંશે એ હકીકતને પણ જાય છે કે એ નાના પાયે અને સીમિત કાર્યપદ્ધતિ પર કામ કરે છે, અને તેથી પ્રત્યેક પ્રવાસી પર વ્યક્તિગત ધોરણે ધ્યાન આપી શકે છે.મોટા ફલકની પ્રવાસન યોજના માટે તેનો ઉપયોગ કરવામાં આવે તો તેમાં એની વિશિષ્ટતા તથા આકર્ષણનો અનોખો મુદ્દો ખોવાનો ભય રહેલો છે. શામ-એ-સરહદની ગણના ઉચ્ચ કક્ષાના પર્યટન-આવાસ તરીકે થઇ શકે.બે વ્યક્તિઓ માટે બધા ભાણા સાથેનો બુંગામાં રહેવાનો ખર્ચ રૂ. ૫,૨૦૦/- છે તથા બે વ્યક્તિઓ માટે બધા ભાણા સાથેનો તંબુમાં વસવાટનો ખર્ચ રૂ. ૩,૨૦૦/- છે. આ એક પ્રશંસનીય બાબત છે કારણ કે છેલ્લાં કેટલાંય વર્ષોથી સમાજ તેની ગુણવત્તા જાળવી રાખી શક્યો છે અને પ્રવાસીઓને આકર્ષી રહ્યો છે. ગ્રામ્ય ભારતનો નિજી અનુભવ લેવા ઈચ્છતા પરદેશી પર્યટકોને વધારે પ્રમાણમાં આકર્ષવામાં ગ્રામ્ય પ્રવાસન એકમ સફળ રહ્યું છે. અલબત્ત, એ પણ સાચું છે કે એક માઠો અનુભવ આ પ્રારંભિક યોજના પરનો વિશ્વાસ ગુમાવી શકે છે. આજે ઘણા પ્રવાસીઓ ગ્રામ્યસમાજ-આધારિત પ્રવાસન સ્થળો શોધવામાં રસ ધરાવે છે અને એમાંના મોટા ભાગના લોકો કર્ણોપકર્ણ વાતોથી જ સ્થળોનાં નામ મેળવે છે. આ દ્રષ્ટિએ જોતાં, શામ-એ-સરહદે વિશ્વસનીયતા પ્રસ્થાપિત કરી છે. એના એ જ પ્રવાસ-આયોજકો દર વર્ષે નવા નવા પ્રવાસીઓના જૂથ લઈને અહીં આવે છે એ હકીકત આ બાબત પુરવાર કરે છે.

એક વિકલ્પ તરીકે વિચાર કરીએ તો, આ યોજના અંતર્ગત હસ્તકળાના પ્રસાર અને વેચાણથી તેમ જ પર્યટન-આવાસથી થતી કમાણીથી આ યોજના ગામનું સામાજિક સ્તર ઊંચું લાવી શકી છે. અલબત્ત, ઊંડે સુધી ઘર કરી ગયેલી સામાજિક વિષમતાઓમાં આના જેવી યોજના કેટલો ફેરફાર લાવી શકે તે એક પ્રશ્ન છે. આ કિસ્સામાં યુવાનોને જીવનનિર્વાહની નવી તકો સાંપડી છે. અગાઉ જણાવ્યું તેમ સ્ત્રીઓ દેખા નથી દેતી, પરંતુ માત્ર તેઓ જ કરી શકે છે તેવા ભરતકામની વસ્તુઓના વેચાણથી એમને કમાણી થાય છે. પ્રચલિત સામાજિક રીતિ-રિવાજ સ્ત્રીઓને ખાસ દ્રષ્ટિગોચર થવા નથી દેતા. પરંતુ એ તો સ્વીકારવું જ રહ્યું કે આ યોજના એમની 'પોતીકી' છે એ હકીકતથી યોજનાએ સમાજમાં માલિકી તથા ગર્વની લાગણી જન્માવી છે. પ્રવાસન યોજનાથી થતી કમાણી કઈ રીતે વાપરવી તેનો નિર્ણય તેમ જ વધુ બહોળા ફલક પર જઈ સ્થાનિક પર્યાવરણની જાળવણી કઈ રીતે કરવી તેના નિર્ણયો પોતે લઇ શકે છે એ વાતનો સમાજમાં ગર્વ છે. આમ, આડકતરી રીતે આ યોજનાએ બન્નીની ઘાસિયાભૂમિની જાળવણી તેમ જ જાતે વિકસિત કરેલી પશુજાતિઓના પ્રશ્નો ચર્ચવાનો માર્ગ ખુલ્લો કરી આ પ્રદેશના નૈસર્ગિક પર્યાવરણને સ્થાયી સ્વરૂપ આપવામાં મદદ કરી છે.

## નોંધ


૧. પ્રો પૂઅર ટૂરીસમ  ડેવલપમેન્ટ - ધ કેસ ઓફ એન્ડોજીનસ ટૂરીસ્મ પ્રોજેક્ટ ઇન્ડિયા મે ૨૦૧૨. સુદીપ દત્તગુપ્તા http://scstsenvis.nic.in/

૨. મોટ મેકડોનાલ્ડ (૨૦૦૭). ઈવાલયુએશન સ્ટડી ઓફ રૂરલ ટૂરીસમ સ્કીમ http://tourism.gov.in/survey/ruraltourism.pdf

૩. યુ.એન.ડી.પી. યોજના હેઠળ હોડકા, કચ્છ પર પરિપત્ર બહાર પડ્યું છે, જેનું સંકલન અને લેખન માનસી આનંદનું છે.

૪. www.bannigrassland.org

૫. www.banni.in

## મદદરૂપ થયેલું સાહિત્ય :


- ભટ્ટ, જે.આર., જે.એસ. સિંઘ, એસ.પી. સિંઘ, આર.એસ. ત્રિપાઠી અને આર.કે. કોહલી, ૨૦૧૧. ઇન્વેઝીવ એલિયન પ્લાન્ટ્સ : એન ઈકોલોજીકલ અપ્રેઝલ ફોર ધ ઇન્ડિયન સબકોન્ટીનન્ટ, સી.એ.બી.આઈ. પબ્લીશીંગ, યુ.કે.
- ઇક્વેશન્સ , ૨૦૦૮. રીડીફાઈનીંગ ટુરીઝમ - એક્સ્પીરિયન્સીસ એન્ડ ઈન્સાઈટસ  ફ્રોમ રુરલ ટુરીઝમ પ્રોજેક્ટ્સ ઇન ઇન્ડિયા। ફોર મિનિસ્ટ્રી ઓફ ટુરીઝમ, ગવર્મેન્ટ ઓફ ઇન્ડિયા / યુ.એન.ડી.પી. ઇન્ડિયા ૨૦૦૮. ઇક્વેશન્સ, બેંગલોર.
- ગુજરાત ઇન્સ્ટીટ્યુટ ઓફ ડેઝર્ટ ઇકોલોજી (જી.આઈ.ડી.ઈ.). ૨૦૦૨. કચ્છ સબ-સ્ટેટ બાયોડાયવર્સીટી સ્ટ્રેટેજી એન્ડ એક્શન પ્લાન. પાર્ટ ઓફ ધ ફાઈનલ ટેકનિકલ રિપોર્ટ પ્રીપેર્ડ અન્ડર નેશનલ બાયોડાયવર્સીટી  સ્ટ્રેટેજી એન્ડ એક્શન પ્લાન (એન.બી.એસ.એ.પી.). એન.બી.એસ.એ.પી. ટેકનિકલ  એન્ડ પોલિસી કોર ગ્રુપ (ટી.પી.સી.જી.), કલ્પવૃક્ષ દિલ્હી / પૂણે.
- ઠાકર, એન. ૨૦૦૨. ૭૦% ઓફ કેટલ-બ્રીડર્સ ડેઝર્ટ બન્ની. ૧૪ ફેબ્રુઆરી ૨૦૦૨; ધ ટાઈમ્સ ઓફ ઇન્ડિયા.